सा विद्या या विमुक्तये

# શારદ

વર્ષઃ ૧૮ | એપ્રિલ ૧૯૯૮ | અંકઃ ૪

## વાલીઓને ..........

ચાલુ વર્ષમાં ' શારદ ' નો આ છેલ્લો અંક મોકલતા આનંદ થાય છે. વાલીઓ સાથે સંપર્કમાં રહેવાનું શારદ દ્વારા બને છે. તે આનંદની વાત છે. આ સાથે કેટલાક અગત્યનાં મુદ્દાઓ તરફ વાલીઓનું ધ્યાન દોરું છું.

### શાળાનાં ગણવેશ અંગે

શાળાનાં ગણવેશમાં કોઈ ફેરફાર કરવામાં આવ્યો નથી. પરંતુ ગયા વર્ષે અમુક પ્રકારનાં બૂટ માટેનો આગ્રહ સેવવામાં આવ્યો હતો. ઘણા વાલીઓ સાથે વાતચીત થતાં એવું જાણવા મળ્યું છે કે વાલીઓને આ અંગે ઘણી મુશ્કેલી પડે છે. અને તેથી આ અંગે એવું નક્કી કરવામાં આવ્યું છે કે વાલીઓ પોતાની અનૂકુળતા મુજબ સફેદ રંગનાં બૂટ ગણવેશમાં આપે આથી ગણવેશમાં સફેદ મોજા અને સફેદ બૂટ એટલો જ આગ્રહ સંસ્થાનો રહેશે. કંપની અંગેનો આગ્રહ સંસ્થાનો નથી. અને પોતાને અનુકૂળ પડે તે સ્થળેથી ખરીદ કરી શકે છે.

### કોમ્પ્યુટર વર્ગો અંગે

કોમ્પ્યુટરનાં શ્રેણી ૫, ૬ અને ૭ નાં વર્ગોનો ઘણો સારો પ્રતિભાવ સાંપડયો છે. અને સમગ્ર વર્ષ દરમિયાન નિયમિત રીતે અને સંતોષકારક રીતે કોમ્પ્યુટરનું શિક્ષણ આપી શકાયું છે તેનો સંતોષ છે. આવતા વર્ષે શ્રેણી ૬ અને ૭ ના વર્ગો તેઓ જે કાંઈ શીખ્યા છે તેનાથી આગળ લઈ જવાનો અમારૂં આયોજન છે. શ્રેણી ૫ માં આ વર્ષે જે કાંઈ કાર્ય થઈ શકયું તે પ્રકારના કાર્યનું આયોજન રહેશે. શ્રેણી ૮ માટે નવું સત્ર ખૂલતાં અનુકૂળતા મુજબ કોમ્પ્યુટરનાં વર્ગો લેવાનું વિચાર્યું છે. આ વર્ગો વિદ્યાર્થીઓની અનુકૂળતા અને સંસ્થાના કોમ્પ્યુટરની ઉપલબ્ધતા નજરમાં રાખી લેવામાં આવશે.

### પરીક્ષા અંગે

મોટાભાગનાં વાલીઓનો પ્રતિભાવ સરપ્રાઈઝ પરીક્ષા અંગેનો સારો રહ્યો છે. કોઈક કોઈ વાલીઓને આ પધ્ધતિ પસંદ આવી નથી તેવું જોવા મળ્યું છે. બાળક સતત અભ્યાસશીલ રહે તે માટે ઓબ્જેકટીવ ટેસ્ટ દ્વારા આ પરીક્ષાઓ ઘણી ઉપકારક અમને જણાઈ છે અને વિદ્યાર્થીઓ હળવા મને પરીક્ષા આપે છે તે જોયું. આને કારણે કોઈ બાળકને અન્યાય ન થાય, ટેન્શન ન થાય તેની કાળજી અમે રાખી છે. આ અંગેના કોઈ સૂચનો હોય તો આવકારતા અમને આનંદ થશે.

### પાઠયપુસ્તકો અંગે

બધા જ ધોરણો માટે ગુજરાત રાજ્ય પાઠયપુસ્તક મંડળ પ્રકાશિત પાઠયપુસ્તકો જ માત્ર ખરીદવાનું અમારું સૂચન છે. શ્રેણી ૬ નાં પાઠયપુસ્તકો બદલાય છે તે અંગે વાલીઓનું ધ્યાન દોરું છું.

રેણુભાઈ દવે નાં
વંદન

" આપણે કયાં જઈ રહયાં છીએ ! "

" યે મેરે વતનકે લોગો
જરા આંખોમેં ભરલો પાની "

લતા મંગેશકરની જેમ જ બે સેર,સાડી, અને સાડીનો છેડો રાખવાની ઢબ, એવી જ અદા અને એવી જ છટા. પાંચ વર્ષની પલકની એ રજૂઆત થતાં જ મારા મોંમાંથી ' વાહ વાહ ' નાં ઉદ્‌ગાર સરી પડયાં. આટલી નાની ઊંમરે કેટલું સૂક્ષ્મ નિરીક્ષણ ! ને પછી આવું આબેહૂબ અનુકરણ ! બાળકો પણ કયારેક કમાલ કરી નાંખે છે.

ત્યાં તો મૃગાંક ભાજપનો નેતા બનીને આવ્યો..એની ઉભા રહેવાની ઢબ,વેશભૂષાતો જાણે આબેહૂબ નેતા જેવી હતી જ પણ એનો આત્મવિશ્વાસ અને એનું વકતવ્ય પણ એટલું જ અસરકારક હતું. આટલું નાનું બાળક આટલી સરસ અભિવ્યકિત કરી શકે !.. સાચે જ આશ્ચર્ય પમાડે તેવો તેનો અભિનય હતો. ભવિષ્યમાં એ નેતા બને તો નવાઈ નહીં..તેવું લાગ્યું... બાળકો કેવા સરસ તૈયાર થઈ શકે છે ?

મધર ટેરેસા બનેલી હિનાલી પણ જાણે સાક્ષાત કરૂણામૂર્તિ મધર ટેરેસા જેવી જ લાગતી હતી.

બાળકમાં અઢળક શકિત પડેલી હોય છે, સવાર પડે ને આંખ ખુલે ત્યારથી તેની નિરીક્ષણ પ્રક્રિયા શરૂ થઈ જાય છે, તે જે કંઈ જુએ છે ને અનુભવે છે તે બધાં પર તે સતત વિચારતું હોય છે, તેનું અનુકરણ કરતું હોય છે, અને એ જ રીતે તેનું ઘડતર થતું હોય છે. અને એટલે જ બાલમંદિરથી માંડી વિવિધ પ્રવૃત્તિઓનું આયોજન કરવાની પાછળ હેતુ એ જ હોય છે કે બાળકમાં રહેલી સુષુપ્ત શકિતઓને વિકસવાની તક મળે. બાળક તો અખંડ વહેતો શકિતનો સ્ત્રોત છે. આવા કાર્યક્રમની પાછળ તેનાં ચારિત્ર્ય ઘડતરનું પણ પ્રયોજન હોય છે, તેના વ્યકિતત્વનો સર્વાંગી વિકાસ થાય તેવો હેતુ હોય છે. બાળક તો કુમળો છોડ..તેને વાળો તેમ વળે.. આપણે તેના માળી બનવાનું છે.

રચના મિસ શારદામંદિર બનીને આવી..લાગતી હતી તો સુંદર.. એની રજૂઆતને વાલીઓએ તાલીઓથી વધાવી પણ ખરી.. પણ મારા મનમાં પ્રશ્ન થયો.. આટલા નાના પાત્ર માટે આવા પાત્રની પસંદગી કરાય ? આપણે તો બાળકમાં ચારિત્ર્યનું ઘડતર કરવાનું છે અને એટલે વિવેકાનંદ કે ટીપુ સુલતાન, લતા કે ઝાકીરહુસેન એવા પાત્રો પસંદ થાય તે બરાબર પણ સૌંદર્યસ્પર્ધાનું પાત્ર આ ઊંમરે તે હોય ! આજે ચારે બાજુથી આપણા સંતાનોને વૃત્તિઓને બહેકાવે તેવી વિકૃતિથી બચાવવાની છે, ટી.વી., મેગેઝીનો, ચલચિત્રો જયાં જુઓ ત્યાં એ જ વાતાવરણ અને પ્રદૂષણ.. સંતાનોને એ બધાથી આપણે દૂર રાખવાની ખાસ જરૂર ઊભી થઈ છે ત્યારે શું આપણે જાતે જ તેને આને માટે ઉત્તેજન આપીએ છીએ ! " બહેકાવે તે વિકૃતિ ને મહેકાવે તે સંસ્કૃતિ " આપણે આપણા ખીલતાં ને પાંગરતાં સંતાનોને સંસ્કૃતિ અને સંસ્કારની મહેકથી મહેકાવાના છે તેને બદલે આપણે જ તેને આવી વિકૃતિથી બહેકાવીએ છીએ! આપણે કયાં જઈ રહયાં છીએ ! ઘવાયેલો માણસ, ફૂલનદેવીનું પાત્ર, બાળકની

ઉંમરને અનુરૂપ પાત્રની પસંદગી થવી જોઈએ, તેના કુમળા માનસ પર વિપરીત અસર કરે તેવું નહીં. રોજબરોજનાં જીવનમાંથી ય કેટકેટલાં પાત્રો પસંદ થઈ શકે તેવાં હોય છે ! તે માટે દૃષ્ટિની જરૂર છે, અને તો જ બાળક એ પાત્ર સફળ રીતે ભજવી શકે. આ બધું જોઉં છું ત્યારે મને કયારેક થાય છે આપણે કયાં જઈ રહયાં છીએ !!!

**ઊર્મિલા શાહ**

### વાચન આસ્વાદ

આ વખતે એક નવતર પ્રયોગ હાથ ધર્યો. ટી.વી. આવવાને કારણે બાળકોમાં અભ્યાસેતર વાચન લગભગ નાબૂદ થતું જાય છે એ એક સમસ્યા છે અને એથી આ ઉગતી પેઢીને ઈતર વાચન પ્રત્યે વાળવા માટે ધોરણ ૫ થી ૭ માટે તા.૧-૧-૯૮ થી ૧-૨-૯૮ સુધીમાં વિવિધ પ્રકારનાં પુસ્તકો વાંચી તેની નોંધ તૈયાર કરી તે વિદ્યાર્થીઓ સમક્ષ પોતાની જ આગવી શૈલીમાં રજૂ કરવી તેવી સ્પર્ધા યોજી. વાંચન પ્રત્યે અભિરૂચિ કેળવવી, સાથે કેવું સાહિત્ય વાંચવું, વ્યવસ્થિત રીતે વાંચવું ને વાંચીને તેમાંથી પચાવવું ને તેને સ્વતંત્ર રીતે અભિવ્યકત કરવું.. આ બધી કેળવણી આવા પ્રોજેકટમાંથી મળે છે, અને તે જીવનભર ટકી રહે છે... કવિશ્રી ઊમાશંકર જોષીએ યથાર્થ કહયું છે, "આ જમાનાની સાચી વિદ્યાપીઠ છે પુસ્તકનો સંગ્રહ" કોઈ ઉત્તમ પુસ્તકના વાંચનથી નવા યુગનો પ્રારંભ થતો હોય છે.

### નાટય સ્પર્ધા

તા.૨-૨-૯૮ થી ૫-૨-૯૮ સુધી આંતરગૃહ નાટય સ્પર્ધા યોજવામાં આવી. આ નાટય સ્પર્ધા વિશિષ્ટ પ્રકારની હતી. વિદ્યાર્થીઓની સાથે ચર્ચા કરીને તેમને નાટકનાં કથાવસ્તુનાં વિષયની પસંદગી આપવામાં આવી હતી. તેને આધારે તેઓએ સ્વતંત્ર રીતે તેનાં સંવાદો તૈયાર કરીને અભિનય સાથે અદભૂત રજૂઆત કરી હતી. કથાવસ્તુનાં વિચારથી માંડી તખ્તા પર નાટક રજૂ કરવા સુધી નાટકમાં ઘણાં બધાં પાસાઓનો વિચાર કરવાનો હોય છે. વિદ્યાર્થીઓએ એમની આગવી સૂઝ પ્રમાણે ખૂબ ઉત્સાહપૂર્વક સારા આઠ નાટકો રજૂ કર્યાં. જેમાં ભાઈઓનાં પ્રથમ ગંગોત્રી ગૃહનું 'જલ એ જ જીવન' દ્વિતીય ધવલગિરિનું 'પરિશ્રમ એ જ પારસમણિ' તથા બહેનોમાં પ્રથમ મેઘનાદ ગૃહનું 'વૃક્ષ આપણાં મિત્રો' તથા દ્વિતીય ધવલગિરિ ગૃહનું 'અવાજનું પ્રદૂષણ' આવ્યાં. બાળકોમાં અભિનય શકિત ઘણી સારી હોય છે.

### ઉનાળાનું વેકેશન

તા.૭-૫-૯૮ ને ગુરુવારથી તા.૧૦-૬-૯૮ ને બુધવાર સુધી સંસ્થામાં ઉનાળાની રજાઓ રહેશે. નવા વર્ષમાં શાળા તા.૧૧-૬-૯૮ ને ગુરુવારથી શરૂ થશે.

નવા વર્ષની શરૂઆતનાં દિવસોમાં ગરમીને અનુલક્ષીને શાળાનો સમય થોડા દિવસ સવારે ૭-૧૫ થી ૧૧-૧૫ નો રહેશે.

પ્રાથમિક વિભાગ માટે વાર્ષિક લેખીત પરીક્ષાઓ ઉપરાંત સમય સમયે લેખીત અને મૌખિક પરીક્ષાઓ યોજવામાં આવશે. તેનો મુખ્ય ઉદ્દેશ બાળક સતત તૈયારી કરતું રહે તે છે. આ અંગે બાળક ઉપર નાહક પરીક્ષાની બીક નાખવાને બદલે તે નિયમિત અભ્યાસ કરતું થાય તેવું આયોજન કરવાનું વાલીઓને અનુરોધ કરવામાં આવે છે.

# સંસ્થાકીય સમાચાર

## બાલમંદિર

તા.૨૭-૧-૯૮ ના રોજ બાલમંદિરના બાળકો ગાંધીનગરનાં પ્રવાસે ગયાં. બાળકોએ આમ્રકુંજ, સરિતા ઉદ્યાન, અક્ષરધામ અને ફન-વર્લ્ડની મુલાકાત લીધી. બાળકોને નિસર્ગને ખોળે મુકત વાતાવરણમાં ખેલવું ને કૂદવું ખૂબ ગમે છે. પ્રવાસમાં તેમનો આનંદ અનેરો હતો.

તા.૧૩-૨-૯૮ના રોજ તાલીમનાં બાળકો તથા તા.૨૩-૨-૯૮ ના રોજ બાલમંદિર બ વિભાગનાં બાળકો માટે વિશાલાનો પ્રવાસ યોજાયો. વિશાલાનું ગ્રામ્ય વાતાવરણ કઠપૂતળીનો ખેલ, કુંભારનો ચાકડો, હીંચકા આ બધું તેમણે માણ્યું.

તા.૧૯-૨-૯૮ ના રોજ તાલીમનાં બાળકો માટે ચિત્ર હરીફાઈ યોજવામાં આવી. શાળામાંથી આપેલાં કાગળ પર રંગ અને રેખાથી ચિત્રોનાં સર્જનમાં તન્મય બની ગયેલાં બાળકોને જોવા એ પણ એક લહાવો છે. બાળકો એમની આસપાસની સૃષ્ટિનું ખૂબ સૂક્ષ્મ નિરીક્ષણ કરે છે ને આવો મોકો મળે છે ત્યારે તેને સુંદર રીતે આલેખે છે.

તા.૧૧-૩-૯૮ ના રોજ બાળકોએ હોળી નિમિત્તે રંગોત્સવ ઉજવ્યો. અબીલ ગુલાલથી મુકતમને રમ્યાં. બાળકોને રંગવું ને રંગાવું ખૂબ ગમે છે. મસ્તીમાં મહાલતાં આ બાળકોએ આનંદભર્યું વાતાવરણ ઊભું કર્યું.

તા.૧૯-૩-૯૮ ના રોજ તાલીમ વિભાગનાં બાળકો માટે સુલેખન સ્પર્ધા યોજવામાં આવી. આટલા નાના બાળકોએ પણ સ્વચ્છ અને સુંદર અક્ષરોમાં લેખન કર્યું. પૂ.ગાંધીજીએ કહેલ 'સારાં અક્ષર એ વિદ્યાનું આવશ્યક અંગ છે' એ યથાર્થ થતું દેખાયું.

તા.૧૫-૪-૯૮ ના રોજ તાલીમનાં બાળકો માટે વિદાય સમારંભ યોજવામાં આવ્યો. બાળકો માટે શુભેચ્છાનાં સંદેશ સાથે બનાવેલ કાગળની રંગબેરંગી ટોપીઓ પહેરી બાળકો મુકતમને ખેલ્યાં, કૂદયાં ને નાચ્યાં... આખું ય વાતાવરણ ભાવવિભોર બની ગયું.

## શિશુમંદિર

### આંતરગૃહ સ્પર્ધાઓ

**બેડમિન્ટન સ્પર્ધા** ૨૬-૧૨-૯૭

| | | |
|---|---|---|
| પ્રથમ | બિલંદી પરીખ | ( ધવલગિરિ ) |
| દ્વિતીય | જય મહેતા | ( મેઘનાદ ) |
| તૃતીય | વિશ્રુત ભટ્ટ | ( રત્નદીપ ) |

**નાટય સ્પર્ધા** ૨-૨-૯૮ થી ૫-૨-૯૮

ભાઈઓ

| | | |
|---|---|---|
| પ્રથમ | દ્રુપદ પરીખ | ( ગંગોત્રી ) |
| | નીરવ પારેખ | ( ગંગોત્રી ) |
| દ્વિતીય | સોહમ શાહ | ( ધવલગિરિ ) |
| તૃતીય | ઈપ્સિત ત્રિવેદી | ( મેઘનાદ ) |

બહેનો

| | | |
|---|---|---|
| પ્રથમ | કૃપા વ્યાસ | ( મેઘનાદ ) |
| દ્વિતીય | શિવાની જોશી | ( ગંગોત્રી ) |

**ટેબલ ટેનીસ** ૬-૨-૯૮

| | | |
|---|---|---|
| પ્રથમ | હર્ષિલ શાહ | ( ગંગોત્રી ) |
| દ્વિતીય | અર્પણ ઝવેરી | ( ધવલગિરિ ) |
| તૃતીય | સોહમ શાહ | ( ધવલગિરિ ) |
| આશ્વાસન | શર્વિલ ટંકશાળી | ( ધવલગિરિ ) |

**નિર્ણાયક તરીકે ભૂતપૂર્વ વિદ્યાર્થી ભાઈ શેખર ત્રિવેદીએ સેવા આપી.**

**રમતોત્સવઃ** તા.૨૩-૧-૯૮ નાં રોજ ધો.૧ થી ૪ નો રમતોત્સવ અને ૨૭-૧૨-૯૭ નાં રોજ ધો.૫,૬ , ૭ નો રમતોત્સવ યોજાયો. બાળકોએ સાંઘિક અને વ્યકિતગત રમતોમાં ઉત્સાહપૂર્વક ભાગ લીધો.

તા.૩૦-૧૨-૯૭ નાં રોજ ધો.૩ અને ૪ ની સુગમ સંગીતની સ્પર્ધા યોજાઈ. બાળકોએ તેમનાં મધુર કંઠે સ્વરબધ્ધ અને તાલબધ્ધ રીતે ભાવવાહી ગીતો રજૂ કર્યા.

તા.૨-૧-૯૮ નાં રોજ ધો.૨ , ૩ , ૪ ની તબલા સ્પર્ધા યોજાઈ. ધો. ૫, ૬ , ૭ માટે પણ તબલા સ્પર્ધા યોજાઈ. બાળકો નાની ઊંમરથી જ સંગીત પ્રત્યે સારી અભિરૂચિ ધરાવે છે તેની પ્રતિતિ થઈ. નિર્ણાયક તરીકે ભાઈશ્રી જયદીપ જાનીએ સેવા આપી.

તા.૬-૧-૯૮ નાં રોજ સ્વયંશિક્ષણ દિન ઉજવાઈ ગયો. વિદ્યાર્થીઓએ સફળતાપૂર્વક આખો ય દિવસ શિક્ષણકાર્ય સંભાળ્યું. વિદ્યાર્થીના જીવનઘડતરમાં આવા અનુભવો ખૂબ અસરકારક નીવડે છે.

તા.૧૨-૨-૯૮ નાં રોજ ધો.૧ થી ૭ નાં વિદ્યાર્થીઓ માટે કલા પ્રતિભા શોધ સ્પર્ધા યોજાઈ. બાળકોએ ખૂબ ઉત્સાહપૂર્વક તેમાં ભાગ લીધો. ચિત્ર એ બાળકની મુકત અભિવ્યકિત માટેનું ખૂબ સારું માધ્યમ છે.

**વાચન આસ્વાદ સ્પર્ધા**

| | | | |
|---|---|---|---|
| | પ્રથમ | રોમા શાહ | ( ૫ ક ) |
| ધો.૬ | પ્રથમ | કુશલ પરીખ | ( ૬ અ ) |
| | દ્વિતીય | પલક શાહ | ( ૬ ક ) |
| | તૃતીય | માનસી ગજ્જર | ( ૬ અ ) |
| ધો.૭ | પ્રથમ | નીરવ પારેખ | ( ૭ અ ) |
| | દ્વિતીય | તપન ભગત | ( ૭ ક ) |
| | તૃતીય | કૃપા વ્યાસ | ( ૭ બ ) |
| | | ઝલક બલર | ( ૭ ક ) |

**કલા પ્રતિભા શોધ સ્પર્ધા**

| | | |
|---|---|---|
| ધો.૧ | પ્રથમ | શીલ શાહ |
| | દ્વિતીય | ભાગ્યશ્રી દેસાઈ |
| | તૃતીય | હર્ષિલ છપ્પન |
| | | ભૂમિ શાહ |
| ધો.૨ | પ્રથમ | ૠતુ પારેખ |
| | દ્વિતીય | અભિજ્ઞ શાહ |
| | તૃતીય | પૂજા જાની |
| | | આત્મન ફોજદાર |
| ધો.૩ | પ્રથમ | શૈલી જોષી |
| | દ્વિતીય | નીવા શાહ |
| | તૃતીય | રચિતા શાહ |
| ધો.૪ | પ્રથમ | માનસી શાહ |
| | દ્વિતીય | હિરલ ખત્રી |
| | તૃતીય | શિવાંગી ટંકશાળી |
| ધો.૫ | પ્રથમ | નિરલ મોદી |
| | દ્વિતીય | ગુંજન કામદાર |
| | તૃતીય | પરિતા દેસાઈ |
| | | વિધિ ભટ્ટ |
| | | પલક શાહ |
| | આશ્વાસન | અનિકેત દેસાઈ |
| ધો.૬ | પ્રથમ | નીરવ ઠાકોર |
| | દ્વિતીય | ક્રિષ્ના શાહ |
| | | જાનકી શાહ |
| | તૃતીય | પાર્થ ખમાર |
| | | શૈલ શેઠ |
| ધો.૭ | પ્રથમ | શેમોલી મહેતા |
| | દ્વિતીય | વર્ષિલ પરીખ |
| | | નેશ્રા શાહ |
| | તૃતીય | પેલવા નાયક |
| | | માનસી પારેખ |
| | | શર્વિલ ટંકશાળી |
| | આશ્વાસન | હેત પટેલ |

**પ્રવાસ :** તા.૨૯ તથા ૩૦ મી નવેમ્બરના રોજ ધોરણ બીજા માટે તારંગાનો પ્રવાસ યોજાયો.

તા.૨૯ તથા ૩૦ મી જાન્યુઆરીનાં રોજ ધોરણ ત્રણ માટે પાલીતાણાનો પ્રવાસ યોજાયો.

તા.૨૧ મી ફેબ્રુઆરીનાં રોજ ધોરણ પહેલાં માટે ડાકોરનો પ્રવાસ યોજાયો.

# વિનયમંદિર

**આંતરગૃહ સ્પર્ધાઓ**

**ટેબલ ટેનિસ સ્પર્ધાઃ સિંગલ્સ**

| | | |
|---|---|---|
| પ્રથમ | હેમ શ્રોફ | ( ચંદ્રમૌલિ ) |
| દ્વિતીય | અર્ચિત પંડયા | ( ચંદ્રમૌલિ ) |
| તૃતીય | કૌશલ સોપારકર | ( પદ્મપુકુર ) |

**ડબલ્સ**

| | | |
|---|---|---|
| પ્રથમ | હેમ શ્રોફ | ( ચંદ્રમૌલિ ) |
| | ઈશ શાહ | ( ચંદ્રમૌલિ ) |
| દ્વિતીય | વૈભવ પુરાણી | ( મેઘદૂત ) |
| | પાર્થિવ પરીખ | ( મેઘદૂત ) |

**બેડમિંગ્ટન સિંગલ્સ**

| | | |
|---|---|---|
| પ્રથમ | અર્ચિત પંડયા | ( ચંદ્રમૌલિ ) |
| દ્વિતીય | હેમ શ્રોફ | ( ચંદ્રમૌલિ ) |
| તૃતીય | હાર્દિક વ્યાસ | ( ચંદ્રમૌલિ ) |

**રમતોત્સવઃ** તા.૧૬ તથા ૧૭ મી જાન્યુઆરીનાં રોજ રમતોત્સવ યોજાઈ ગયો. વિદ્યાર્થીઓએ વ્યકિતગત અને સાંઘિક રમતોની સ્પર્ધામાં ઉત્સાહપૂર્વક ભાગ લીધો.

**સ્વયં શિક્ષણ દિનઃ** તા. ૨૩-૧-૯૮ નાં રોજ સ્વયંશિક્ષણદિન યોજાયો. વિદ્યાર્થી ભાઈબહેનોએ બહુ સફળતાપૂર્વક દિવસભર શાળામાં શિક્ષણનું કામ સંભાળ્યું. આવા કાર્યક્રમથી વિદ્યાર્થીનું ઘડતર તો થાય છે જ પણ તે સાથે તેમનામાં આત્મવિશ્વાસ અને આત્મશ્રધ્ધા પણ પ્રગટે છે.

તા.૪-૨-૯૮ નાં રોજ શ્રી અરૂણભાઈ ઠાકરનું ' જીવનમાં યોગનું મહત્વ ' વિષય ઉપર વિદ્વતાપૂર્ણ અને રસમય પ્રવચન યોજાયું..વિદ્યાર્થીઓ માટે આ પ્રવચન ઘણું માહિતીપ્રદ રહ્યું.

તા.૧૧-૨-૯૮ નાં રોજ જાણીતા મનોવૈજ્ઞાનિક ડો.હરેન્દ્રભાઈ રાવળનું પ્રવચન યોજવામાં આવ્યું. શ્રી હરેન્દ્રભાઈએ વિદ્યાર્થીનાં મનના અંતરંગ પર ખૂબ સરસ વાતો કરી. વિદ્યાર્થીઓને આ પ્રવચન ખૂબ રસપ્રદ નિવડયું.

શ્રી જીવદયા મંડળી મુંબાઈ તરફથી એક નિબંધ સ્પર્ધા યોજવામાં આવી હતી જેમાં વિષય હતો " કરુણા વિશ્વકલ્યાણનો એક માત્ર માર્ગ " આ સ્પર્ધાના ઉપક્રમે તે અંગે વિદ્યાર્થીઓને પ્રોત્સાહન અને માર્ગદર્શન મળે તે હેતુથી બી.ડી.આર્ટસ્ કોલેજના પ્રો.શ્રી મનુભાઈ શાહનું પ્રવચન યોજવામાં આવ્યું હતું. વિદ્યાર્થીઓએ ખૂબ ઉત્સાહથી નિબંધ લખ્યાં અને શાળા તરફથી ૧૮૧ નિબંધ સ્પર્ધામાં મોકલવામા આવ્યાં છે.

તા.૧૩-૨-૯૮ નાં રોજ ધોરણ ૧૧ માટે રમતોત્સવ યોજવામાં આવ્યો.

તા.૩૦-૧-૯૮ નાં રોજ ધોરણ ૧૧ નાં વિદ્યાર્થી ભાઈબહેનોએ સ્વયંશિક્ષણ દિન ઉજવ્યો, જાતે જ શિક્ષક બની શિક્ષણનું કાર્ય સંભાળ્યું. વિદ્યાર્થીઓની શિસ્ત અને સહકાર ખૂબ સારા રહ્યાં.

તા.૨૭-૧-૯૮ નાં રોજ ધો.૯ માટે મહુડી સમેશ્વર ગાંધીનગરનો પ્રવાસ યોજવામાં આવ્યો.

તા.૧૬-૨-૯૮ નાં રોજ ધો. ૮ માટે ગળતેશ્વરનો પ્રવાસ યોજાઈ ગયો.

## અભિનંદન

તા.૨૩ મી જાન્યુઆરીનાં રોજ સંસ્કાર કેન્દ્ર ખાતે યોજાયેલ શાંતિ સંમેલનમાં તાલીમનાં ચિ. મૃગાંક ગોરધનભાઈએ જાહેર જનતાને સંબોધી હતી. તા. ૯ મી ફેબ્રુઆરીએ ખાનપુર ખાતે તેણે હિન્દીમાં સભાને સંબોધી હતી. આટલા બાળક માટે આ શકિત ખરેખર ધન્યવાદને પાત્ર છે.

**કરાટેઃ** કુંગ-ફૂ માર્શીયલ આર્ટસ્ એસોસીયેશન તરફથી ચિ.કાર્તિક જેટલીને ' બેસ્ટ લુઝર ' નું પ્રમાણપત્ર એનાયત થયું છે.

**ચિત્રઃ** પોલેન્ડ સરકાર દ્વારા આયોજીત ૯ મી આંતરરાષ્ટ્રીય બાળ અને યુવા ચિત્ર સ્પર્ધામાં ચિ. ચિનાર મુકેશભાઈ શાહને પ્રમાણપત્ર મેળવવા બદલ અભિનંદન.

ઓલ ઈન્ડિયા ચાઈલ્ડ એન્ડ આર્ટસ્ એકઝીબીશન વારંગલ આયોજીત ચિત્ર સ્પર્ધામાં ચિ.દક્ષ દેસાઈને પ્રમાણપત્ર મળ્યું છે.

વિજય ઈન્ફરમેશન એ ગાઈડન્સ સેન્ટર ફોર ફાઈન આર્ટસ્ એજ્યુકેશન આયોજીત ચિત્ર સ્પર્ધામાં ચિ. શૈલી ઠાકોરને પ્રથમ ઈનામ તથા ચિ. દક્ષ દેસાઈ, નિરવ ઠાકોર, મૌનિશ શાહ, તથા નિરલ મોદીને દ્વિતીય ઈનામ મળ્યાં છે.

લલિતકલા પરિષદ વિશાખાપટ્ટનમ આયોજીત ચિત્ર સ્પર્ધામાં ચિ.અનુષી શાહ તથા ચિ. મિલિન્દ તથા ચિ.શર્વિલ ટંકશાળીને ' સુવર્ણ પત્ર ' તથા નિરલ મોદી, નિરવ ઠાકોર, અર્થ શાહ,શિવાંગી ટંકશાળીને વિશિષ્ટ પુરસ્કાર મેળવવા બદલ અભિનંદન.

પોલેન્ડની ઈન્ટરનેશનલ ચિત્ર સ્પર્ધામાં ચિ.જીગર છપ્પનને એપ્રીસીએશન સર્ટીફીકેટ મળ્યું છે. તેમ જ હૈદ્રાબાદ-અમલાપૂરમ્ની ઈન્ટરનેશનલ ચીલ્ડ્રન આર્ટ કોમ્પીટીશનમાં ' કલાચિત્ર રત્ન એવોર્ડ ' મળ્યો છે.

ઓલ ઈન્ડિયા ચાઈલ્ડ આર્ટ એકઝિબિશન-દિલ્હીમાં ચિ.હર્ષિલ છપ્પનનું ચિત્ર પસંદગી પામ્યું છે. તેમજ નેશનલ ડીરેકટરીમાં સ્થાન મળ્યું છે અને મેરીટ સર્ટીફીકેટ મળ્યું છે.ઓલ ઈન્ડિયા ચિલ્ડ્રન આર્ટ કોમ્પીટીશન-વિશાખાપટ્ટનમ તરફથી મેરીટ સર્ટીફીકેટ મળેલ છે. તેમજ ઓલ ઈન્ડિયા ચાઈલ્ડ આર્ટ એકઝીબીશન અમલાપૂરમ્ માં પણ ચિત્ર પસંદગી પામ્યું છે. અને મેરીટ એવોર્ડ સર્ટીફીકેટ મળેલ છે.

વિજય ઈન્ફરમેશન હૈદ્રાબાદ દ્વારા આયોજીત ત્રીજી ઓલ ઈન્ડિયા પેઈન્ટીંગ સ્પર્ધામાં ચિ.શર્વિલ ટંકશાળીને ગોલ્ડ મેડલ પ્રથમ ઈનામ તથા ચિ. શિવાંગી ટંકશાળીને દ્વિતીય ઈનામ મળેલ છે.

યંગ એન્વોયઝ ઈન્ટરનેશનલ હૈદ્રાબાદ દ્વારા આયોજીત ભારતની સ્વતંત્રતાની ૫૦મા વર્ષની ઊજવણી નિમીત્તે આયોજીત ચિત્ર સ્પર્ધામાં ચિ.શર્વિલ ટંકશાળી તથા ચિ.શિવાંગી ટંકશાળી જ્યુરી ગીફટ મેળવે છે.

ચાઈલ્ડ આર્ટ કલબ હૈદ્રાબાદ આયોજીત ૩૨મી ઓલ ઈન્ડિયા ચાઈલ્ડ આર્ટ કોમ્પીટીશનમાં ચિ. શિવાંગી ટંકશાળી તથા ચિ.શર્વિલ ટંકશાળીએ સ્ટેટ એવોર્ડ મેળવેલ છે.

શંખા વેસ્ટ બેંગાલ દ્વારા આયોજીત ચિત્ર સ્પર્ધામાં ચિ.શિવાંગી ટંકશાળીને સિલ્વર મેડલ તથા ગુજરાત લો સોસાયટી દ્વારા આયોજીત ઈન્ટર સ્કુલ આર્ટ કોમ્પીટીશનમાં તૃતીય ઈનામ મળેલ છે.

વિજય ઈન્ફરમેશન હૈદ્રાબાદ દ્વારા આયોજીત ત્રીજી ઓલ ઈન્ડિયા ચિત્ર સ્પર્ધામાં ચિ.શીવાંગી ટંકશાળીને દ્વિતીય ઈનામ મળેલ છે.

ગુજરાત રાજ્ય લલિતકલા અકાદમી ૩૮ માં રાજ્યકલા પ્રદર્શનમાં મહેતા શેમોલી ધો.૬ થી ૧૦ વિભાગમાં રૂ.૨૦૦નું ઈનામ અને સર્ટીફીકેટ મેળવે છે.તથા ટંકશાળી કિર્તન,શાહ નીવા, મોદી નિરલ, મહેતા જીનલ, વઢવાણા નેહા, પરીખ કુંતલ અને પરીખ કિંજલ પસંદગી પામ્યા છે.

કોનસીમા ચિત્રકલા પરિષદ આયોજીત ચિત્ર સ્પર્ધામાં સ્વપ્નિલ શાહને મેરીટ સર્ટીફીકેટ મળેલ છે.

કોરાસાલા વન્ડર આર્ટ વર્લ્ડ કોમ્પીટીશનમાં ચિ.શૈલ .શેઠ તેમજ પ્રતિક શાહને બાલ ચિત્ર રત્ન એવોર્ડ તથા પોલેન્ડ ખાતે યોજેલ ચિત્ર સ્પર્ધામાં પ્રતિક શાહને સર્ટીફીકેટ મળેલ છે.

ચેસ : ટાઈમ્સ ઓફ ઈન્ડિયા આયોજીત ચેસ સ્પર્ધામાં ૧૦ થી ૧૨ વર્ષની ઉંમરના બાળકોમાં ચિ. નીરવ પારેખ તૃતીય સ્થાન મેળવે છે.

અમદાવાદ મ્યુ.કોર્પો. આયોજીત ચેસ સ્પર્ધામાં ચિ.સાગર પારેખ દ્વિતીય સ્થાન મેળવે છે.

## સંસ્થાનું ગૌરવ

શારદામંદિર પરિવારના ડૉ. સૂર્યકાન્તભાઈ પટેલને કિડની ટ્રાન્સપ્લાન્ટેશન ક્ષેત્રે ગુજરાત રાજયના પાયાની કામગિરીની કદર રૂપે તા.૨૬ જાન્યુઆરી ૧૯૯૮ ના રોજ ગવર્નરશ્રીના હસ્તે એવોર્ડ આપવામાં આવ્યો તે બદલ સંસ્થા આનંદ સાથે ગૌરવ અનુભવે છે અને ડો.શ્રી સૂર્યકાન્તભાઈને તેમની સિધ્ધિ બદલ અભિનંદન પાઠવે છે.

**સૂચનાઃ** આ વર્ષે પ્રાયોગિક ધોરણે શ્રેણી ૮,૯,૧૦ નો શનિવારનો સમય ૧૧-૩૦ થી ૩-૦૦ નો રાખેલ હતો પરંતુ અનુભવે તે સુવિધાજનક ન જણાતા આ સમય પૂર્વવત્ યથાવત્ રહેશે જેની નોંધ લેવા વિનંતી.

**શ્રધ્ધાંજલિઃ** અમને જણાવતાં દુઃખ થાય છે કે આ સંસ્થાના પ્રાથમિક વિભાગમાં શ્રેણી ૩ માં અભ્યાસ કરતાં વિદ્યાર્થી ભટ્ટ મૌનિશ રાકેશભાઈનું અકાળ અવસાન થયેલ છે. ઈશ્વર સદગતના આત્માને પરમ શાંતિ આપે.

તંત્રી ,મુદ્રક,પ્રકાશકઃ **દિનુભાઈ દવે**, આચાર્ય અને નિયામક, શારદામંદિર, અમદાવાદ-૩૮૦૦૦૭.
EMAIL: shaarad@ad1.vsnl.net.in